
## વડીલોને વંદન અભિનંદન



નંદાબેન અર્જુનભાઈ પરમાર
(૧૯૩૬) ફોન: ૨૩૨૨૨૪૪૦



રતનસિંહ મનુભા વાઘેલા
(૧૯૪૩) મો :૯૮૯૮૮૨૧૭૪૬



અમૃતભાઈ એસ. સોલંકી
(૧૯૩૭) ફોન: ૬૫૭૨૬૪૮૦

# ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની વેઈટ-પાવર લીફટીંગમાં તલોદની આર્ટસ-કોમર્સ કોલેજ ચેમ્પિયન

તલોદ, તા. ૨૦

સાબરકાંઠાના તલોદ ખાતે આવેલ એચ.પી. આર્ટસ એન્ડ ટીએસએમ કોમર્સ કોલેજના વિદ્યાર્થીનીઓ વિજેતા બની હતી. આ તમામ વિદ્યાર્થીઓ જલંધર ખાતે યોજાનાર ઈન્ટર યુનિવર્સિટીની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે.



(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

વિદ્યાર્થીઓ તા. ૧૪મી નવેમ્બરે પાટણ ખાતે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં યોજાયેલ વેઈટલીફટીંગની સ્પર્ધામાં વિજેતા બન્યા હતા. આ ઉપરાંત તલોદ ખાતે યોજાયેલી પાવર લીફટીંગ અને વેઈટ લીફટીંગની સ્પર્ધામાં કોલેજની

પાટણ ખાતે યોજાયેલ ભાઈઓની વેઈટ લીફટીંગની સ્પર્ધામાં વિવિધ ગૃપમાં તલોદ કોલેજના સંજય ગોવિંગભાઈ પટેલ, કરણ મહેન્દ્રસિંહ ઝાલા, રાજુ ઈશ્વરભાઈ રાવલનો પ્રથમ અને પ્રવિણ ડી. રાઠોડ દ્વિતિય ક્રમે વિજેતા બન્યા હતા. જ્યારે તલોદ ખાતે યોજાયેલ બહેનોની વેઈટ લીફટીંગ અને પાવર લીફટીંગની સ્પર્ધામાં તલોદ કોલેજની ઉર્વી મહેન્દ્રભાઈ દવે, મિત્તલ ગુજરાનસિંહ ઝાલા, દક્ષા આર. ચૌહાણ અને સેજલ અરવિંદભાઈ ઉપાધ્યાયે પ્રથમ ક્રમાંક હાંસલ કરી ચેમ્પીયન બન્યા હતા. આ તમામ ખેલાડીઓનું જલંધર ખાતે યોજાનાર ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે. આ તમામ ખેલાડીઓને કોલેજના આચાર્ય તથા કર્મચારીગણે અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ડીસા રેલવે સ્ટેશન વિસ્તારમાં નળ કનેક્શન કપાતા પીવાના પાણી માટે ફાંફા

## ભુગર્ભ ગટર ખોદકામ દરમ્યાન કનેક્શન કપાયા બાદ ફરી ન જોડાતા સમસ્યા સર્જાઈ

ડીસા, તા. ૨૦

ડીસા શહેરમાં અંડર ગટર લાઈનનું કામકાજ ચાલી રહ્યું છે. જેમાં ઠેરઠેર કરાયેલ ખોદકામ દરમ્યાન ક્યાંક ફોનના તો ક્યાંક પાણીના કનેક્શન કપાઈ ગયા છે. જેમાં રેલવે સ્ટેશન વિસ્તારમાં પાણીની કનેક્શન કપાઈ જતા છેલ્લા ૧૩ દિવસથી પાણીના ધાંધિયા સર્જાતા લોકોની હાલત કફોડી બનવા પામી છે.

ડીસા શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં ભુગર્ભ ગટરનું કામ કરવા માટે કરાયેલ ખોદકામ દરમ્યાન અનેક ઘરોના પાણીના નળ કનેક્શન કપાઈ ગયા હતા. છેલ્લા ૧૪ દિવસથી લોકો પાણી વિનાઠેર ઠેર રઝળી રહ્યા છે. પરંતુ તંત્રને કનેક્શન ચાલુ કરવાનો સમય મળતો નથી. લોકોનું કહેવું છે કે અમે સુપરવાઈઝરને વારંવાર રજુઆતો કરી ચુક્યા છીએ પરંતુ નવા



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

કનેક્શન નહી જોડાતા અમારી હાલત કફઓડી બનવા પામી છે. આ બાબતે નગરપાલિકા દ્વારા આ બાબતની નોંધ લઈ સમસ્યાનો સત્વરે ઉકેલ લાવવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.

# હવેથી મનોરંજન કર નગરપાલિકા ઉઘરાવશે

મોડાસા, તા. ૨૦

ગુજરાત મનોરંજન કર અધિનિયમ ૧૯૭૭ રાજ્ય સરકાર દ્વારા જરૂરી સુધારો કરી મહેસૂલ વિભાગ દ્વારા ઉઘાવામાં આવતા કેબલ કનેક્શન કરને નગરપાલિકાને હવાલે કર્યો છે. જેથી હવે આ વેરો નગરપાલિકા ઉઘરાવશે. પરિણામે અરવલ્લી જિલ્લાની મોડાસા અને બાયડ નગરપાલિકાની આવકમાં વધારો થશે.

ગુજરાત વિધાનસભા દ્વારા રાજ્યપાલને રજૂ કરાયેલા સુધારા અધિનિયમને મંજુરી મળી છે. અગાઉ મહેસુલ વિભાગ દ્વારા મનોરંજન કર અને સુખસુવિધા કર હેઠળ સીનેમા ગૃહ, વીડીયો પાર્લર અને કેબલ ઓપરેટર પાસેથી નિયમ મુજબ વસુલવામાં આવતા હતા કરની વસુલાતમાં કેબલ કનેક્શન કરની આવક હવે રાજ્ય સરકાર દ્વારા નગરપાલિકાને હવાલે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પરિણામે આવક નગરપાલિકાને થતા વિકાસ કાર્યોને વેગ મળશે.

અરવલ્લી જિલ્લાના મોડાસા તથા બાયડ નગરપાલિકામાં નોંધાયેલા ૮ કેબલ ઓપરેટરોના ૩૦૮૧ ગ્રાહકોના કનેક્શન નોંધાયેલા છે જેમાં મોડાસા ખાતે ૫ ઓપરેટરોના ૨૪૩૧ અને બાયડના ૩ ઓપરેટરોના ૬૫૦ કનેક્શન નોંધાયેલા છે. જેઓ પાસેથી કર પેટે વાર્ષિક આવક અંદાજે ૨.૭૫ લાખ વસુલવામાં આવે છે. આ તમામ કેબલમાંથી થનારી ટેક્ષની આવક જે તે નગરપાલિકા વિસ્તારના વિકાસ કામોમાં વાપરવામાં આવનાર છે. જે પાલિકાઓ માટે સરકારનું આ પગલું આવકારવાદાયક છે.

# છાદરડા ગ્રામ પંચાયત દ્વારા ખેતરોમાં જતો રસ્તો બંધ કરાતાં કલેકટરને આવેદનપત્ર અપાયું

હિંમતનગર, તા. ૨૦

પ્રાંતિજ તાલુકાના છાદરડા ગામના સીમાડામાંથી પસાર થતો એક રસ્તો ગ્રામ પંચાયત દ્વારા બંધ કરવામાં આવતાં ખેડૂતોમાં રોષ વ્યાપી જવા પામ્યો છે. આ અંગે ખેડૂતો દ્વારા ગ્રામ પંચાયત સમક્ષ રજુઆત કરવા છતાં કોઈ જ પરિણામ ન મળતાં કેટલાક ખેડૂતોએ નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપી રસ્તો ખુલ્લો કરવા માંગ કરી છે.

છાદરડા ગામના સીમાડામાં ખેતરોમાં જવા માટેનો રસ્તો કે જે સરપંચના મકાનની બાજુના સર્વે નંબરો પાસેથી પસાર થાય છે. રસ્તો લેઆઉટ પ્લાન મુજબ રામપુર ગામથી છાદરડા ગામ થઈ બાવસર ગામને જોડતો ૨૫ ફૂટ જુનુ નાળીયું બતાવેલ છે. આ નાળીનો ઉપયોગ ખેડૂતો ખેતરમાં અવરજવર કરવા માટે ઉપયોગ કરતાં હતાં અને આ રસ્તો પાકો બનાવવા માટે ખેડૂતોએ સરકારશ્રીમાં રજુઆતો કરતાં સરપંચે નાળિયાની બાજુમાં આવેલ ઝાડ આપી રસ્તો બંધ કરી દેતાં ૨૫-૯-૧૪ થી ઓનલાઈન કાર્યક્રમ તેમજ કલેક્ટર અને માલતદાર સમક્ષ રજુઆત કરી હતી. અનુસંધાને અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ કરી પંચનામુ પણ કરવામાં આવ્યુ હતું. આજદિન સુધી સરપંચ દ્વારા બંધ કરાયેલ રસ્તો ચાલુ ન કરાતાં કેટલાક ખેડૂતોએ આજે હિંમતનગર ખાતે આવી અધિક કલેક્ટર એસ. ડી. ધાનાણીને આવેદનપત્ર આપી રસ્તો ખુલ્લો કરવા રજુઆત કરી હતી.

# મેઘરજ તાલુકામાં ટ્રાફીક નિયમોનું સરેઆમ ઉલ્લંઘન : જીપગાડી ચાલકો બેફામ

મોડાસા, તા.૨૦

રાજય સરકાર માર્ગે સલામતી અકસ્માત નિવારણ અને ટ્રાફીકના નિયમોની જાળવણી સંદર્ભે ગમે તેટલા કડક પગલા (ભરે કે પછી) નિયમો બનાવે પરંતુ અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના જીપચાલકો મુસાફરોના જીવ જોખમમાં નાંખી ગાડી પાસિંગના સભ્યો કરતાં જીપગાડીમાં ત્રણ ગણા મુસાફરો ભરી નિયમોનો સરેઆમ ભંગ.



અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં ટ્રાફિકના નિયમો માટેના કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળીને ખાડે ગઈ હોય તેમ ટ્રાફિકના નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરી લીરેલીરા ઉડાડવામાં આવી રહ્યા છે અત્યારે અરવલ્લી જિલ્લા પોલિસ વડા અને ટ્રાફિક પોલીસ દ્વારા સમગ્ર જિલ્લામાં લોકોમાં ટ્રાફીક અંગે જાગૃતતા કેળવવાના ઉદેશથી વિવિધ બેનરો લગાવી, પત્રિકાઓ વહેંચી તથા દંડ ફટકારી ખુબ જ મોટા પાયે ઝુંબેશ હાથ ધરી છે. પરંતુ મેઘરજમાં કેટલાક ખાનગી વાહનચાલકો ખાનગી વાહનની ક્ષમતા કરતાં અનેકગણા વધારે મુસાફરો ભરી મોતના મુખમાં રાખીને બેફામ ગતિએ વાહનો ચલાવતા નજરે પડે છે ત્યારે આવી મોતની સવારીથી મુસાફરોના જીવ જોખમમાં મુકાયા છે. મેઘરજના નવા બસ સ્ટેન્ડની સામે અને પંચાલ ગામ તરફ જવાના રસ્તા ઉપર તેમજ જુના બસ સ્ટેન્ડ વિસ્તારમાં ખાનગી વાહન ચાલકો જીપગાડીની છત ઉપર પણ ઓવરલોડ મુસાફરો ભરતા નજરે પડતા હોવા છતાં ટ્રાફીક પોલીસ કોઈ જ પગલા ભરતી નથી. જીપ વાહનચાલકો ખુલ્લેઆમ કહેતા ફરે છે કે ટ્રાફિક પોલીસ દ્વારા માસિક હપ્તા ઉઘરાવવામાં આવતા હોવાથી પોલિસની દંડ ફટકારવાની કોઈ જ હિંમત નથી.ટ્રાફિક પોલીસના આવા મોતની મુસાફરીની ફેરી કરતા જીપવાહન ચાલકો સામે કોઈ જ કાર્યવાહી ન કરતાં મેઘરજના પ્રજાજનો પરેશાન છે.

## શબ્દાવલી - ૫૫૬૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | ■ | ૫ | ૬ |
| ૭ | | | | ■ | ૮ | | |
| ૯ | | | ■ | ૧૦ | | | |
| ૧૧ | | ■ | ૧૨ | | ■ | ■ | ■ |
| ■ | ■ | ■ | ૧૩ | | | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ■ | | ■ | ૧૯ | |
| ૨૦ | | | | ૨૧ | ■ | ૨૨ | |
| ૨૩ | | ■ | | ■ | ૨૪ | | |

### આડી ચાવી

૧. કોઇને ઉપાડી જઇને બાનમાં રાખવું તે (૫)
૫. યશ, કામ કર્યા પછી પોતાના માટે સારૂં બોલાય તે(૨)
૭. આછું મલકવું તે (૪)
૮. ધિક્કાર (૩)
૯. નકારવું તે (૩)
૧૦. ખોટાખોટા વખાણ કરવા તે (૪)
૧૧. બે અક્ષર આગળ 'તુ' મુકીને તો તેનો અર્થ ચોર થાય (૨)
૧૨. મનાઇ કરવી તે (૨)
૧૩. સમજાવવું તે (૫)
૧૬. કનક, સોનું (૩)
૧૯. મહેંદી, એક હિન્દી ફિલ્મ(૨)
૨૦. દામદૂપટ (૫)
૨૨. આબરૂ, પ્રતિષ્ઠા (૨)
૨૩. રમવાની રજા આપવી તે(૨)
૨૪. બોરિયું કે બુતાન (૩)

### ઊભી ચાવી

૧. વિચારરહિત, ગાફેલ, મન ઉપર કાબુ ના રહે તેવું (૪)
૨. પલક ઝપકાવવી તે (૪)
૩. હા માં જવાબ આપવો તે(૩)
૪. રટણ કરવું તે (૨)
૫. જન્મ (૩)
૬. અવિરત (૩)
૮. એક આધુનિક સ્ત્રી પોશાક(૨)
૧૦. ખુનરેજી, કાપાકાપી (૫)
૧૨. પુષ્કળષ મિષ, મોટુ...(૨)
૧૪. કારોબાર, બંધોબસ્ત (૪)
૧૫. ખુબ સરસ છે જેવો ભાવ બતાવવા ઘણા... શબ્દ બોલે છે (૪)
૧૬. ભારતીયોને વિમાન દ્વારા અપહરણ કરી... સ્થળે રાખેલા(૩)
૧૭. છેતરવું, ... આપવો (૩)
૧૮. 'ધન' શબ્દ ઊંધો છે (૨)
૨૧. મડદુ, શબ (૨)

### શબ્દાવલી ૫૫૬૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) શકરોબાજ (૫) પગી (૭) ફરીયાદ (૯) કોલ (૧૧) લીમીટ (૧૩) શબરી (૧૪) મિલન (૧૬) ડઝન (૧૮) મજીયારું (૧૯) બકવાટ (૨૦) કુકર (૨૧) રઘવાટ

**ઊભી ચાવી :-** (૧) શબ્દકોશ (૨) રોફ (૩) બારીક (૪) જયા (૬) ગીલેટ (૮) દલીલબાજી (૧૦) લબકજબક (૧૨) મીન (૧૫) કોરુંકટ (૧૭) નકર (૧૮) મટર



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, જય અમીન, મોડાસા)

# સાયરા ગામે એકજ રાતમાં ચાર ઘરફોડ ચોરી

મોડાસાના સાયરા ગામે તસ્કરોએ એક જ રાત્રિમાં એક સાથે ત્રણ મકાનો અને એક દુકાનને નિશાન બનાવી હતી અને સોના ચાંદીના દાગીના રોકડ રકમ તેમજ અન્ય ચીજ વસ્તુઓ મળી કુલ ૯૦ હજારની કિંમતનો મુદ્દામાલ લઈ ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.મોડાસા શહેર નજીક અંદાજે પાંચ કિમીના અંતરે સાયરા ગામ આવેલું છે. જયાં એક જ રાત દરમિયાન તસ્કરોએ ઉપરા છાપરી ૩ મકાનો અને એક દુકાનને નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ બંધ મકાનના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને અંદર રહેલા સામાનને વેરવિખેર કરી સોના ચાંદીના દાગીના, રોકડ રકમ અને અન્ય કિંમતી ચીજ વસ્તુઓ લઈ ફરાર થઈ ગયા હતા. બાદ એક દુકાનનું તાળુ તોડી તેમાં રહેલ રોકડ રકમ મળી તસ્કરો અંદાજે રૂ. ૯૦ હજારની ચોરી કરી પલાયન થઈ ગયા હતા આ સંદર્ભે મોડાસા પોલીસે ગુનો નોંધી તસ્કોરની શોધખોળ હાથ ધરી છે.

## વાનપાર્કિંગ માટે મજબૂર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચિંતા સતાવે છે. જેથી તંત્ર દ્વારા આ અંગે યોગ્ય સર્વે કરી કાયદેસર પાર્કિંગ ઉભા કરાય તેવી માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં સેક્ટર-૩૦ સર્કલ, સેક્ટર-૨૯ (ચ-૬), ઘ-૬, અક્ષરધામ, ઈન્દ્રોડા સર્કલ, સેક્ટર-૨૬ ગ્રીનસીટી, પથિકા, ઘ-૫, પંચદેવ મંદિર વગેરે અનેક મુખ્ય સ્થળોએ નગરમાંથી બહાર જતાં નોકરીયાત, ધંધાર્થી અને વ્યવસાયીઓ પોતાના વાહનો અસલામત પાર્ક કરીને જાય છે. ગાંધીનગરમાંથી અમદાવાદ, ચિલોડા, હિંમતનગર, કલોલ, ગોઝારીયા, વિસનગર, માણસા તરફ અનેક લોકો દૈનિક આવન-જાવન કરે છે. વધુમાં નગરના મુખ્ય સ્થળો જેવા કે પથિકા, ઘ-૫, ઘ-૬, ઈન્દ્રોડા સર્કલ, ચ-૬, ક-૭ થી બહાર જવા આવવા મુસાફરી માટે વાહન મેળવવું સરળ હોવાથી પોતાના નિવાસસ્થાનથી આ સ્થળોએ આવવા પોતાના ખાનગી વાહનોનો ઉપયોગ કરે છે.

જો કે નગરમાં પ્રથમથી જ સેક્ટરવાઈઝ જાહેર પરિવહનની વ્યવસ્થા ન હોવાથી બહાર જતાં નગરજનો માટે અસલામત પાર્કિંગ એ નક્કર મજબૂરી બની ગઈ છે. વધુમાં નગરમાં શરૂ થઈ ગયેલી શહેરી બસ સેવા પણ તેની સિમિત માર્ગ વ્યવસ્થા પુરતી જ રહી છે. તેમજ દિન-પ્રતિદિન નગરમાં વસ્તીમાં પણ થઈ રહેલો વધારો અને વસવાટીઓની સંખ્યા પણ વધી રહી છે જેમાં શિક્ષણ હબ તરફ કુદકે ને ભુસકે આગળ વધી રહેલા પાટનગરમાં લોકો બહારથી આવીને અહીં રહી બાળકોને અભ્યાસ કરાવે છે જેઓ દૈનિક અપડાઉન કરી પોતાનો વ્યવસાય જાળવી રાખતા હોય છે તે પણ અસલામત પાર્કિંગનો ઉપયોગ કરે છે.

તંત્ર આ તમામ પાસાઓને ધ્યાને લઈ નગરમાં કાયદેસર પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરે તે હાલના સંજોગોમાં ફરજ્યાત બની છે તેમજ નગરની રચના મુજબ અને ભવિષ્યને ધ્યાને રાખી નગરના હિતમાં તંત્ર આગોતરૂ આયોજન કરી નાગરીકોના હિતમાં નિર્ણય લેવાય તેવી માંગ પણ આ સમસ્યામાં ગુંચવાયેલા લોકોએ કરી છે.

## ઠંડીનો ચમકારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવસે તો હજુ પારો ઉંચો રહેતા ગરમી લાગે છે પરંતુ જેવો સૂર્યાસ્ત થાય કે તુરંત જ વાતાવરણમાં પલ્ટો આવી જાય છે. અને ઠંડક અનુભવાય છે. ધીમી ગતિએ ઠંડા પવનો શરૂ થઈ જાય છે. ઠંડા પવાનો શરૂ થતા વસાહતીઓ ઘરમાં પુરાઈ જાય છે જેના કારણે સેક્ટરો આઠ-નવ વાગ્યા સુધીમાં તો સુના થઈ જાય છે. મોડી રાત્રે અને વહેલી સવારે વાતાવરણમાં સારી એવી ઠંડક અનુભવાય છે. વહેલી સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓને સ્વેટર, કાન-ટોપી જેવા ગરમ વસ્ત્રો પહેરવા પડે છે. ઠંડક વધતા પંખાની સ્પીડ પણ ઘટી ગઈ છે. આજે મહત્તમ તાપમાન ૩૨.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૧૪.૫ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૭૨ ટકા અને સાંજે ૩૪ ટકા રહ્યું હતું.

## સિવિલની ગંદકી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ નારાજગી વ્યક્ત કરી હતી. તો બીજી તરફ સિવિલ કોમ્પલેક્ષની આસપાસના શોપીંગ વિસ્તારમાં પણ સ્વચ્છતાના નામે મીંડુ હોવાનું જણાવી સુપ્રિટેન્ડન્ટને તાકીદે યોગ્ય પગલાં લેવા જણાવાયું હતું. હોસ્પિટની કેન્ટીનની સફાઈ બાબતે પણ ટપાર્યા હતા.

આરોગ્ય સંકુલોમાં જ સ્વચ્છતા નહિ જળવાય તો આપણે કોને કહી શકીશુ. આપણાથી જ સ્વચ્છતાનો આરંભ કરીએ. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં સ્વચ્છતાનું સઘન અભિયાન જરૂરી હોવા પર તેમણે વિશેષ ભાર મુકી જણાવ્યું હતું કે તંત્ર કોઈ અધિકારી કે મંત્રીની મુલાકાતની રાહ જુએ છે તેવો ટોણો મારી કહ્યું હતું કે ગમે ત્યારે તપાસ થશે, વાયબ્રન્ટની રાહ જોવાની તમારે જરૂર નથી !!!

# શામળાજી પાસેથી બંદૂક સાથે એક ઈસમ ઝડપાયો

શામળાજી, તા. ૨૦

અરવલ્લી જિલ્લા એસ.ઓ.જી.ની ટીમ રાજસ્થાન ગુજરાત સરહદ પર આવેલા શામળાજી ચેકપોસ્ટ નજીક તપાસમાં હતી ત્યારે એક બાઈક સવાર શંકાસ્પદ હાલતમાં પસાર થતાં બાઈક સવારની તલાશી લેતા તેની પાસેથી ગેરકાયદેસર ખરીદેલી બંદુક મળી આવતાં આરોપીને ઝડપી વધુ તપાસ હાથ ધરેલ છે.

અરવલ્લી જિલ્લાના સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જિલ્લા એચ.ઓ.જી.પી.આઈ. કે.વી. સગર તથા પોલીસ સ્ટાફ સહિત શામળાજી ચેકપોસ્ટ નજીક તપાસમાં હતા ત્યારે રાજસ્થાનમાંથી આવતી બાઈક નંબર -જીજે-૨-એડી-૩૬૧૩ ની તલાશી



(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

લેતાં બાઈકની સીટ પર જાડા કપડામાં સંતાડેલી બે નાળચાવાળી ૧૨ બોરની બંદુક મળી આવી હતી. વિષ્ણુભાઈ ભેમાભાઈ ડાભી નામનો શખ્સ મૂળ બનાસકાંઠાના સાંઢોસી ગામનો રહેવાસી છે અને રાજસ્થાનમાંથી બંદુક ખરીદી ગુજરાતમાં ઘુસતો ઝડપાયો હતો. જેના વિરૂદ્ધ આર્મ્સ એક્ટ અંગેનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસ જરૂરી હોવાથી ઈસમને જેલ પાછળ સઘન તપાસ હાથ ધરી આ ગેરકાયદેસર રીતે લઈને આવતા હથિયારથી કોઈની હત્યા કરવાનો કે પછી આવુ મારક હથિયારથી મોટી લૂંટ ધાડ કરવાની યોજના અમલમાં મુકવાની હતી એ અંગે જાણકારી મેળવવાની હજુ બાકી છે.

## શાળાઓ આવરી લેવાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પામી હોવાનું જાણવા મળેલ છે.સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના મંત્રીશ્રી રમણલાલ વોરાએ તો સાંજે એસ.એમ.સી.ની બેઠક, સખી મંડળના પ્રતિનિધિઓ સાથે પણ બેઠક કરી હતી. તેમણે ગામમાં ફરી અને લોકોને સ્વચ્છતા જાળવવા અપીલ કરી હતી.

મુખ્ય સચિવ શ્રી ડી.જી. પાંડિયને વાસણા રાઠોડ પ્રા. શાળાના દરેક વર્ગખંડની મુલાકાત લઈ ભૌતિક સુવિધાઓની ચકાસણી કરી હતી. ઉપરાંત તેમણે શૌચાલય અને પાણીની ટાંકી બધુ જ ચકાસ્યું હતું.

શ્રી પાંડિયને તેમની આ ઓચિંતી મુલાકાત દરમિયાન અન્ય વિસ્તારમાં અધિકારીઓ પહોંચ્યા છે કે નહિ તેની પણ ચકાસણી કરી હતી. તેઓ ઝાલાની મુવાડી પહોંચ્યા ત્યાં સચિવશ્રી એસ.જે. હૈદરને મળ્યા હતા તેમણે હૈદર સાથે મળી સ્કુલની ચકાસણી કરી હતી.

શ્રી પાંડિયને વાસણા રાઠોડ ગામમાં પદયાત્રા કરી આખું ગામ નિહાળ્યું હતું તેમજ ગામની ગંદકીને લઈ તીખી ટકોર પણ કરી હતી. તેમણે ઝાલાની મુવાડી ગામે પણ સ્વચ્છતાના મુદ્દે સખ્ત નારાજગી વ્યકત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે તેઓ પુનઃ એક સપ્તાહ બાદ આ ગામની મુલાકાતે આવશે અને સ્વચ્છતા મુદ્દે પુનઃ સમીક્ષા કરાશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હીના પટેલે પેથાપુર અને પોર ગામમાં ગુણોત્સવમાં હાજરી આપી બાળકો સાથે સારો એવો સમય વિતાવ્યો હતો.

આજે ગુણોત્સવમાં ૬ થી ૮ના વિદ્યાર્થીઓને અપાયેલ ઓ.એમ.આર. શીટમાં પ્રશ્નો થોડાક અટપટા લાગ્યા હતા અને તેથી કેટલાક બાળકો સારુ તો કેટલાક બાળકો અઘરુ તો કેટલાક બાળકોને રૂટીન લેખાવ્યું હતું.

બાળકો પાસે આજે ખાસ કરીને ધો-૨ના બાળકો પાસે શબ્દોનું લેખન, ધો-૩ના બાળકો પાસે પાંચ સ્વતંત્ર વાક્યોનું લેખન અને ધો-૪ના બાળકોને પાંચ વાક્યોના ફકરાનું લેખન કરાવ્યું હતું. ગણિત માટે સંખ્યા જ્ઞાન સરવાળા, બાદબાકી અને ગુણાકારના દાખલા પુછવામાં આવ્યા હતા.